| PUBLICATION NAME : | Western Times (Guj) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 08/08/2023 |
| PAGE : | 02 |

# એમેઝોને ગુજરાતથી નિકાસને વેગ આપવા માટે 'ઈડીઆઈઆઈ' તથા ગુજરાત સરકાર સાથે ભાગીદારી કરી

વડોદરા, નેશનલ હેન્ડલૂમ ડે નિમિત્તે, એમેઝોન ઈન્ડિયાએ આજે ઈ-કોમર્સ નિકાસને વધારવામાં મદદ કરવા માટે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) અને ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ વિભાગ સાથે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. વડોદરાના અકોટા સ્ટેડિયમમાં સ્ટેટ ક્રાફ્ટ્સ એવોર્ડ્સ સેરેમની અને ઓડીઓપી એક્ઝિબિશન ખાતે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા

એમઓયુના ભાગરૂપે, એમેઝોન ગ્લોબલ સેલિંગ નામના એમેઝોનના ઈકોમર્સ નિકાસ કાર્યક્રમ પર ગુજરાતના વણકર અને કારીગરો તેમજ અન્ય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે. આનાથી તેઓ ૨૦૦થી વધુ દેશો અને પ્રદેશોમાં એમેઝોનના કરોડો ગ્રાહકોને તેમની અનન્ય 'મેડ ઈન ઈન્ડિયા' પ્રોડક્ટ્સ વેચી શકશે. ઉદ્યોગ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર બાબતોના માનનીય પ્રધાન શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, "અમારી મુખ્ય પ્રાથમિકતાઓમાંની એક ગુજરાતમાંથી નિકાસ વધારવાની છે અને આ ભાગીદારી દ્વારા એમેઝોન સાથે, અમારું લક્ષ્ય ઈ-કોમર્સ નિકાસને સ્વીકારવા માટે ગુજરાતમાં લાખો એમએસએમઈને સશક્ત બનાવવાનું છે.

સહકાર, મીઠા ઉદ્યોગ, પ્રિન્ટિંગ અને સ્ટેશનરી, પ્રોટોકોલ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન બાબતોના માનનીય રાજ્યકક્ષાના પ્રધાન શ્રી. જગદીશ વિશ્વકર્માએ (પંચાલ) જણાવ્યું હતું કે, "એમેઝોન સાથેનો આ સહયોગ સંસ્કૃતિ, ટેકનોલોજી અને અર્થતંત્રનું એક મહાન સંકલન છે.

એમેઝોન ઈન્ડિયા ખાતે ગ્લોબલ ટ્રેડના ડાયરેક્ટર ભૂપેન વાકણકરે જણાવ્યું હતું કે, "આ સહયોગ એ લાખો એમએસએમઈ અને રાજ્યભરના વણકર અને કારીગરોને ઈ-કોમર્સ નિકાસ દ્વારા વૈશ્વિક સ્તરે તેમનો વ્યવસાય વધારવામાં મદદ કરવા માટેનું એક મુખ્ય પગલું છે. આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, અમારું ધ્યાન નાના વ્યવસાયોને યોગ્ય કૌશલ્ય સેટ્સ અને તાલીમ સાથે સક્ષમ બનાવવા પર છે તેમજ તેમના માટે સમાન વિચારો ધરાવતા લોકો તથા અને ઉદ્યોગ નિષ્ણાંતો પાસેથી શીખવા માટે નેટવર્કિંગ ફોરમ બનાવવા પર છે.